# વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન

જલસેવા ભવન, એરફોર્સની સામે, " છ " રોડ, સેક્ટર–૧૦/એ, ગાંધીનગર.
ફોન નં– (૦૭૯) ૨૩૨૪૭૧૭૦/૭૧, ૨૩૨૩૭૦૭૫ ફેક્સ નં – (૦૭૯) ૨૩૨૪૭૪૮૫
Website: www.wasmo.org E-mail - wasmo@wasmo.org

WASMO

પરિપત્ર ક્રમાંક: જીઓ/વાસ્મો/બોર શારકામ/ 3339 /૨૦૦૯ તા. 18/૭/૨૦૦૯

## પરિપત્ર

સ્વજલધારા અને સેક્ટર રીફોર્મ કાર્યક્રમ અંતર્ગત ગામની યોજના બનાવતી વખતે ગામના હયાત પીવાનાં પાણીના સોર્સમાંથી પુરતા પ્રમાણમાં પાણી ન મળતું હોય, તેવા કિસ્સાઓમાં ગામની પીવાના પાણીની જરૂરીયાત સંતોષવા માટે નવિન સોર્સ કરવાની જરૂરીયાત ઉભી થાય છે.

પીવાના પાણીના સોર્સનું પ્રાપ્તિસ્થાન નકકી કરવા માટે પાણી પુરવઠા બોર્ડની ભૂસ્તરીય શાખા અથવા તો ખાનગી એજન્સી મારફતે સર્વેક્ષણ હાથ ધરવામાં આવે છે. સર્વેક્ષણ પુર્ણ થયા પછી ગામની પાણી સમિતિ દ્વારા બોરનું શારકામ હાથ પર ધરવામાં આવે છે.

ખાનગી એજન્સી મારફતે સર્વેક્ષણ તથા પાણી સમિતિ દ્વારા બોર શારકામ કરાવવાના પ્રવર્તમાન નિયમોને કારણે ગામોના પીવાના પાણીના સોર્સ નિષ્ફળ જવાનું ધ્યાનમાં આવેલ છે. જેના કારણે ગામને સમયસર પાણી પુરવઠા યોજના પુર્ણ થઇ શકતી નથી.

આથી સર્વે સભ્ય સચિવ અને કાર્યપાલક ઇજનેર અને યુનિટ મેનેજર, ડીડબલ્યુએસસી/સીએમએસયુને જણાવવામાં આવે છે કે જયારે કોઇપણ ગામની સ્વજલધારા/સેકટર રીફોર્મ અંતર્ગત યોજના માટે પાણીનું પ્રાપ્તિસ્થાન નકકી કરવાનું થાય ત્યારે જે તે જિલ્લાના પાણી પુરવઠા બોર્ડના જળશાસ્ત્રી/ભૂસ્તરશાસ્ત્રીનો અભિપ્રાય અવશ્ય મેળવવો તથા નકકી કરેલ સ્થળે બોર/કુવાની કામગીરી પાણી પુરવઠા બોર્ડની યાંત્રિક/બાંધકામ શાખા પાસે જ કરાવવી. આ સુચનાનો અચુક અમલ કરવો.

મુખ્ય કારોબારી અધિકારી
વાસ્મો, ગાંધીનગર

Tech. Advisor (Shri Sardaria Saheb)

નકલ રવાના પ્રતિ,

૧. મુખ્ય ઇજનેરશ્રી, યાંત્રિક, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર
૨. મુખ્ય ઇજનેરશ્રી, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, અમદાવાદ/રાજકોટ/વડોદરા/ભુજ
૩. અધિક્ષક ભુસ્તર જળશાસ્ત્રી, ગાંધીનગર
૪. ભુસ્તર જળશાસ્ત્રી, અમદાવાદ/રાજકોટ/વડોદરા